દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૨૭ માર્ચ, ૨૦૨૬

# એનર્જી ડેટાને રાષ્ટ્રીય સુરક્ષાના વિષય તરીકે વર્ગીકૃત કરવાનું પગલું યથાયોગ્ય છે

હાલમાં ઇરાન-અમેરિકા યુદ્ધને પગલે સર્જાયેલી ક્રૂડ ઓઇલ અને ગેસની કટોકટી પછી ભારત સરકારે ઊર્જા સંબંધિત ડેટાને રાષ્ટ્રીય સુરક્ષાનો વિષય ગણાવીને વર્ગીકૃત કર્યો છે, જે અંતર્ગત ઓઈલ અને ગેસ વેલ્યુ ચેઈન સાથે સંકળાયેલી તમામ સંસ્થાઓ માટે તેમની કામગીરીની વિગતવાર માહિતી આપવી ફરજિયાત બનાવવામાં આવી છે. ઓઈલ મંત્રાલયના 'પેટ્રોલિયમ અને નેચરલ ગેસ (માહિતી પૂરી પાડવા અંગેનો) આદેશ, 2026' મુજબ રિફાઇનર્સ, LNG આયાતકારો, પાઇપલાઇન ઓપરેટરો, સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુટર્સ અને પેટ્રોકેમિકલ કંપનીઓએ – જાહેર અને ખાનગી બંને ક્ષેત્રોમાં – મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (PPAC)ને નિયમિતપણે સચોટ આંકડાકીય અહેવાલ આપવો પડશે. અને કેટલાક કિસ્સાઓમાં દૈનિક ધોરણે પણ આ અહેવાલ આપવો પડશે. મંત્રાલય દ્વારા 18 માર્ચના રોજ જારી કરાયેલા ગેઝેટ નોટિફિકેશન મુજબ, જાહેર કરવામાં આવનારી વિગતોમાં ઉત્પાદન, આયાત, સ્ટોક લેવલ અને વપરાશની પેટર્નનો સમાવેશ થાય છે, અને આ આદેશ હાલની તમામ ગોપનીયતાની જોગવાઈઓની ઉપરવટ રહેશે. પેટ્રોલ, ડીઝલ, ગેસ વગેરે ઉર્જાના સ્ત્રોતો જ્યારે આપણા રોજીંદા જીવનના અનિવાર્ય અંગ જેવા બની ગયા છે અને હાલના સંજોગોમાં જે કટોકટી ઉભી થઇ છે તેવી કટોકટીઓ દેશને કેવા ગંભીર સંકટમાં મૂકી શકે છે તે વિચારણા કરતા સરકારનો આ નિર્ણય બિલકુલ યોગ્ય લાગે છે.

આ પગલું મધ્ય પૂર્વમાં યુદ્ધને કારણે ગેસ અને LPG પુરવઠામાં આવેલા અવરોધો બાદ ઊભી થયેલી ઊર્જા સુરક્ષાની ચિંતાઓને પગલે લેવામાં આવ્યું છે. ભારત તેના જરૂરિયાતના આશરે 88 ટકા ક્રૂડ ઓઈલ, 50 ટકા કુદરતી ગેસ અને 60 ટકા એલપીજી ગેસની આયાત કરે છે. યુદ્ધ ફાટી નીકળ્યા પહેલા, ભારત દ્વારા આયાત કરવામાં આવતા ક્રૂડ ઓઈલનો અડધાથી વધુ હિસ્સો સાઉદી અરેબિયા, ઇરાક અને UAE જેવા દેશોમાંથી હોર્મુઝની સામુદ્રધુની મારફતે આવતો હતો. આશરે 85-95 ટકા LPG અને 30 ટકા ગેસ પણ આ સામુદ્રધુની મારફતે આવતો હતો. યુદ્ધના કારણે આ દરિયાઇ માર્ગ લગભગ બંધ જેવો થઈ ગયો છે, જેનાથી ભારતના ઊર્જા પુરવઠા પર અસર પડી છે. ક્રૂડ ઓઈલની અછતને રશિયા, પશ્ચિમ આફ્રિકા, અમેરિકા અને લેટિન અમેરિકા જેવા વૈકલ્પિક સ્રોતો દ્વારા આંશિક રીતે સરભર કરવામાં આવી છે, પરંતુ ખાડી દેશોમાંથી સપ્લાયમાં ખાધ પડવાને કારણે ઔદ્યોગિક અને વ્યાપારી વપરાશકારો માટે ગેસ અને LPG પુરવઠામાં કાપ મૂકવામાં આવ્યો છે. મંત્રાલયના આ આદેશનો હેતુ એક કેન્દ્રીયકૃત, રિયલ-ટાઇમ ડેટા ફ્રેમવર્ક તૈયાર કરવાનો છે, જેથી સપ્લાયમાં આવતા અવરોધો સામે ઝડપી પ્રતિસાદ આપી શકાય. આ રીતે જોતા આ ડેટા કે માહિતી ફરજિયાતપણે મંગાવવાનો સરકારનો નિર્ણય યોગ્ય જ છે. આ ડેટા હોય તો પાવર, ફર્ટિલાઇઝર અને ઘરેલું LPG જેવા મહત્વના ક્ષેત્રોને પ્રાથમિકતા આપી શકાય અને ખરીદી અંગે વધુ સચોટ નિર્ણયો લઈ શકાય. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ પહેલથી ભારતની સપ્લાય ચેઈન પર દેખરેખ રાખવાની,



ઇન્વેન્ટરીનું સંચાલન કરવાની અને ભૂરાજકીય આંચકાઓ સામેનું જોખમ ઘટાડવાની ક્ષમતા મજબૂત થશે. જેમ જેમ નિયમનકારી માળખું વધુ કડક બનશે તેમ ઉદ્યોગના ખેલાડીઓએ અનુપાલન સુનિશ્ચિત કરવા માટે તેમની ડેટા રિપોર્ટિંગ સિસ્ટમ્સને અપગ્રેડ કરવી પડશે.

સરકારે આ આદેશ 'આવશ્યક ચીજવસ્તુ ધારા, 1955' હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને જારી કર્યો છે, જે કેન્દ્ર સરકારને કોઈપણ વ્યક્તિ જે આવશ્યક ચીજવસ્તુઓનો સ્ટોક ધરાવે છે, ઉત્પાદન, આયાત, નિકાસ કે વેપાર કરે છે, તેમની પાસેથી ઉત્પાદન, પુરવઠો, વિતરણ, સ્ટોક અથવા વપરાશ સંબંધિત માહિતી માંગવાની સત્તા આપે છે. કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે, પેટ્રોલિયમ અને નેચરલ ગેસ સપ્લાય ચેઈનની અસરકારક દેખરેખ માટે માહિતીના વ્યવસ્થિત સંગ્રહ, સંકલન અને વિશ્લેષણ માટે કેન્દ્રીય સંસ્થાકીય પદ્ધતિ સ્થાપિત કરવી જાહેર હિતમાં જરૂરી છે. આ આદેશમાં જણાવાયું છે કે, પેટ્રોલિયમ પેદાશો અથવા કુદરતી ગેસના ઉત્પાદન, પ્રક્રિયા, રિફાઇનિંગ, સ્ટોરેજ, પરિવહન, આયાત, નિકાસ, માર્કેટિંગ, વિતરણ અથવા વપરાશમાં રોકાયેલી દરેક સંસ્થાએ PPAC ને ઉત્પાદન, આયાત, નિકાસ, સ્ટોક, સ્ટોરેજ, ફાળવણી, પરિવહન, પુરવઠો, વપરાશ અને ઉપયોગ સંબંધિત માહિતી ભૌગોલિક વિસ્તાર, સમય અથવા ગ્રાહકોના આધારે વર્ગીકૃત કરીને પૂરી પાડવાની રહેશે. આ નિયમ ખનિજ તેલના ઉત્પાદકો અને આયાતકારો, ઓઈલ રિફાઈનિંગ કંપનીઓ, ઓઈલ માર્કેટિંગ કંપનીઓ, સ્ટોરેજ અને ટર્મિનલ ઓપરેટરો, ગેસ ઉત્પાદકો, LNG આયાતકારો, પાઈપલાઈન ઓપરેટરો, ગેસ માર્કેટર્સ, શહેરી ગેસ વિતરણ સંસ્થાઓ, પેટ્રોકેમિકલ પ્લાન્ટ્સ અને આ ક્ષેત્ર સાથે સંકળાયેલી કોઈપણ જાહેર કે ખાનગી સંસ્થાને લાગુ પડશે. આ આદેશમાં વધુમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે માહિતી આપવાની જવાબદારી કોઈપણ કોન્ટ્રાક્ટ, કરાર અથવા ગુપ્તતાની જવાબદારી હોય તે છતાં લાગુ થશે, અને કોઈ પણ સંસ્થા વ્યવસાયિક સંવેદનશીલતા કે માલિકીના હકને આધારે માહિતી આપવાનો ઇનકાર કરી શકશે નહીં. એટલે કે ભારતની કોઇ કંપનીએ કોઇ વિદેશની કંપની સાથે કરાર કર્યો હોય અને તેના હેઠળ આયાતના જથ્થા જેવી માહિતીની ગુપ્તતા જાળવવાની તેની જવાબદરી હોય તે છતાં તેણે ભારત સરકારને તો આપવી જ પડશે. આજે ક્રૂડ, ગેસ વગેરે ઉર્જાના સ્ત્રોતો ફક્ત વપરાશની દષ્ટિએ નહીં, દેશની સુરક્ષા અને સ્થિરતાની દષ્ટિએ પણ મહત્વના બની ગયા છે તે જોતા તેમને લગતી માહિતીને રાષ્ટ્રીય સુરક્ષાના વિષય તરીકે વર્ગીકૃત કરવાનું પગલું યોગ્ય જ છે.

## મનની લગન

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

નોર્વે શહેરમાં એક શ્રીમંત હતા. તેઓ ખૂબ જ અમીર હતા. તેમના ઘરે અનેક નોકરો કામ કરતા હતા. તેમાંથી એક નોકરનું નામ હતું ક્લેરેન્સ.

ક્લેરેન્સ પોતાનું કામ સંપૂર્ણ નિષ્ઠાથી કરતો અને જ્યારે તેનું કામ પૂરું થઈ જતું પછી તુરંત તે થોડે દૂર સ્થિત મૂર્તિઓની દુકાન હતી ત્યાં પહોંચી જતો અને મૂર્તિઓ જોતો રહેતો. મૂર્તિઓ બનાવતા કારીગરોની કારીગરી કલાકો સુધી ઊભા રહીને જોતો ક્યારેય થાકતો નહીં. આમને આમ એટલા બધા દિવસ થઈ ગયા, કામ પૂરું કરી ક્લેરેન્સ મૂર્તિની દુકાને પહોંચી જાય. હવે તો તેને મૂર્તિ કરવા પણ આવડવા લાગી હતી.

ઘણીવાર બહુ કામ હોય તો મિત્ર બની ગયેલા મૂર્તિ બનાવતા કારીગરોની ક્લેરેન્સ હોંશે હોંશે મદદ કરતો એક દિવસ પોતાની દુકાનના વર્કશોપમાં ક્લેરેન્સને એક મૂર્તિ પર કામ કરતો જોઈ દુકાનના માલિકે કહ્યું, 'ભાઈ, તું અહીં આવી તારો સમય શું કામ બરબાદ કરે છે? તું અહીં મૂર્તિ પર કામ કરીશ તો હું કંઈ તને મહેનતાણું આપવાનો નથી.'

ક્લેરેન્સે કહ્યું, 'સર, મને મૂર્તિઓ જોવી અને બનાવતા શીખવી બહુ ગમે છે. મને કંઈ મહેનતાણું નથી જોઈતું. બસ મારી એક જ વિનંતી છે કે તમે મને અહીં આવવા દેજો.'ક્લેરેન્સ વધુને વધુ સમય દુકાનમાં ગાળવા લાગ્યો.

એક દિવસના માલિકના ઘરે મોટી દાવત હતી. દાવતની સજાવટની જવાબદારી મુખ્ય નોકર પર હતી ક્લેરેન્સે તેને કહ્યું, 'હું કંઈ મદદ કરું?'મુખ્ય નોકરે કહ્યું, 'મુખ્ય ટેબલ સુંદર રીતે સજાવવાનું છે તું કરી શકીશ?'ક્લેરેન્સ હા પાડી અને ૧૫૦ કિલો માખણ મંગાવી જામેલા માખણમાંથી એકદમ જીવંત લાગે તેવી પરીની મૂર્તિ બનાવી અને ટેબલ પર વચ્ચે સજાવી. આજુબાજુ ફળ અને શાકભાજીમાંથી ફૂલો બનાવી સરસ બાગ રચી દીધો.

મિજબાનીમાં આવનાર બધા મહેમાનોએ આ સજાવટની અને માખણમાંથી બનેલી મૂર્તિની ખૂબ જ પ્રશંસા કરી. મહેમાનોમાં એક મૂર્તિ કલાના જાણકાર હતા. તેમણે માલિકને પૂછ્યું, 'આ મૂર્તિ કયા કલાકારે પાસે બનાવડાવી છે?'માલિકે હસીને કહ્યું, 'કોઈ કલાકાર પાસે બનાવડાવી નથી. આ તો મારા નોકર ક્લેરેન્સે જાતે બનાવી છે.'આ સાંભળી મૂર્તિ કલાના જાણકારને નવાઈ લાગી તેમણે ક્લેરેન્સને બોલાવી પૂછ્યું, 'આટલી જ સુંદર કારીગીરી તે ક્યાં કોની પાસે અને કઈ રીતે શીખી ?'ક્લેરેન્સે કહ્યું, 'મેં જાતે નજીકની દુકાનમાં મૂર્તિઓ અને મૂર્તિઓની બનાવટ જોઈને સતત મનની લગન અને પ્રેરણાથી મેં આ કલાને શીખી છે.'

જીવનમાં કંઈ પણ કરવું... શીખવું કોઈના પણ માટે શક્ય છે જરૂર છે. માત્ર મનની લગનની...

# શું અમેરિકાના પ્રભુત્વને પડકારશે ઈરાની યુદ્ધ

**કહેવાની વાત**

**નેહા શાહ**

> **અમેરિકાની શરતો પર યુદ્ધ રોકવાની દરખાસ્ત નકારી અને સામે પોતાની શરતો મૂકીને એ વર્તમાન જીઓ-પોલીટીક્સને જુદી દિશામાં લઈ જઈ રહ્યું છે, જેની અમેરિકાની 'સર્વ શક્તિમાન' હોવાની છબી પર અસર પડવાની શક્યતા છે**

પેટ્રોલ અને ગેસ સીલીન્ડર લેવા લાંબી લાઈન લાગે છે એજ બતાવે છે કે ઈરાન પરના યુદ્ધ ભયંકર અસરોની શક્યતા અંગે સૌનાં મનમાં ચિંતા અને આશંકા છે. યુદ્ધ અત્યારે એવા તબક્કામાં છે કે એનો અંત ટૂંક સમયમાં આવે એની શક્યતા દેખાઈ નથી રહી. યુદ્ધનું મુખ્ય પાત્ર એવા ડોનાલ્ડ ટ્રમ્પ હાલમાં જે ઝડપથી નિવેદનો બદલે છે, એટલે એ નક્કી કરવું અઘરું થઈ ગયું છે કે એ ક્યારે સાચું બોલી રહ્યા છે અને ક્યારે મનઘડન વાતો કરી રહ્યા છે કોઈ પણ પ્રકારના લાંબા વિચાર કર્યા વગર ઈઝરાઈલી પ્રમુખ નેતન્યાહુનાં કહેવાથી યુદ્ધ તો માંડી દીધું પણ નથી યુદ્ધ પાછળના કોઈ હેતુની સ્પષ્ટતા, નથી વ્યૂહરચનાની સ્પષ્ટતા કે નથી ઈરાનની તાકાત અંગેની સ્પષ્ટતા! કોઈ જ લાંબા આયોજન વગર વિશ્વના ત્રણ પરમાણુ શક્તિ ધરાવતા દેશો જંગે મેદાનમાં છે. ઈઝરાઈલ અને ઈરાને એકબીજાના પરમાણુ મથકો પર મિસાઈલ હુમલા કર્યા. સારું છે કે હજુ સુધી કોઈ રેડિયોએક્ટીવ પદાર્થના ગળતરનાં સમાચાર નથી, પણ ખતરો ગંભીર છે.

ઈરાન સ્વબચાવમાં મરણિયું થઈને લડી રહ્યું છે. યુદ્ધમાં સૌથી મોટું નુકસાન તો એને જ થઇ રહ્યું છે. હજારોની સંખ્યામાં સૈનિકો અને નાગરિકનાં જાન-માલની ખુવારી થઇ ચુકી છે. ભારે હુમલાઓ છતાં ઈરાન હજી સુધી નથી ઝૂક્યું છે કે નથી હાર્યું. યુદ્ધ આવી જ પડ્યું છે તો હવે છેલ્લી ઘડી સુધી લડી લેવાનો અભિગમ દેખાઈ રહ્યો છે. અમેરિકાની શરતો પર યુદ્ધ રોકવાની દરખાસ્ત નકારી અને સામે પોતાની શરતો મૂકીને એ વર્તમાન જીઓ-પોલીટીક્સને જુદી દિશામાં લઈ જઈ રહ્યું છે, જેની અમેરિકાની 'સર્વ શક્તિમાન' હોવાની છબી પર અસર પડવાની શક્યતા છે. ઈરાને પોતાની ભૌગોલીક તાકાતનો વ્યુહાત્મક ઉપયોગ કરીને વૈશ્વિક તેલના વેપાર પર જે અસર ઊભી કરી છે, એનાથી અમેરિકી અર્થતંત્ર પર એક નહીં, પણ ત્રણ અસર થઈ છે.

એક, ખનીજ તેલના વધતા ભાવની અસરે ફુગાવો વધી રહ્યો છે. ગેસ અને પેટ્રોલના ભાવ એક જ મહિનામાં લગભગ દસ ટકા વધી ગયા છે. સામાન્ય માણસની ખરીદ શક્તિ ઝડપથી નીચે આવી રહી છે. આયાતી ચીજ વસ્તુ પર ટેરિફ નાખ્યા બાદ જે ભાવ વધારો શરૂ થયો હતો એ પડતા પર પાટું મારવા જેવી પરિસ્થિતિ છે.

બીજી અસર ટ્રેસરી બોન્ડના બજાર પર થયેલી અસર છે, જે ફુગાવાના ડર સાથે સીધી સંકળાયેલી છે. યુદ્ધમાં સીધી રીતે સંડોવાયેલી સરકારની આર્થિક હાલત હંમેશા ખરાબ જ હોય કારણ કે એનો મોટો ખર્ચ બિનઉપજાઉ અને વિનાશક હોય. બજાર આ વાત બરાબર સમજે છે એટલે નબળી સરકારના બોન્ડની ખરીદી ઓછી અને વેચાણ વધી જાય છે. પરિણામે એની કિમત બજારમાં ઘટે અને એનું યીલ્ડ (બોન્ડ પરનું વળતર) વધે. લોકો માર્કેટમાં ફરતા જૂના બોન્ડ ખરીદવા તરફ વળે. પરિણામે નવા બોન્ડને આકર્ષક બનાવવા લોકો સરકાર પાસે ઊંચા વ્યાજ દરની અપેક્ષા રાખે. હાલમાં, છેલ્લા એક મહિનામાં બોન્ડ યીલ્ડમાં નોંધપાત્ર વધારો થયો છે, જે બતાવે છે કે સરકારી બોન્ડનું મૂલ્ય ઘટી રહ્યું છે. જો આને કારણે વ્યાજ દરમાં વધારો કરવો પડ્યો તો અમેરિકી સરકારનું દેવું હદ બહાર વધી જાય. જે અર્થતંત્ર માટે આત્મઘાતી સાબિત થાય.

ત્રીજુ, ઈરાને દરખાસ્ત કરી છે કે જે દેશ તેલની ખરીદીની ચુકવણી ચીની ચલણ યુઆનમાં કરશે એને હોર્મુઝની ખાડીમાંથી પસાર થવા દેશે. જો, આ વ્યૂહરચના કામ કરી ગઈ અને જો વિશ્વના દેશો ધીમે ધીમે ડૉલર સિવાયના ચલણ તરફ વળ્યા તો ભવિષ્યનું જીયો-પોલીટીકલ દશ્ય ખૂબ અલગ હશે. અમેરિકાની આર્થિક તાકાતનો એક મુખ્ય પાયો પેટ્રો-ડૉલર છે. કારણ કે વિશ્વના દેશોને પેટ્રોલ ખરીદવા માટે અમેરિકી ડૉલરમાં ચુકવણી કરવી પડે છે જેને કારણે અમેરિકી ડૉલરની માંગ ઊંચી રહેવાને કારણે ડૉલરની કિમત ઊંચી રહે છે. હાલમાં, અમેરિકાનો આંતરરાષ્ટ્રીય વેપાર ખાધમાં હોવા છતાં અમેરિકી ડૉલર મજબૂત હોવા પાછળનું આ જ મુખ્ય કારણ છે. ઈરાને આ પાયા પર ઘા કર્યો છે, જે ભવિષ્યમાં સત્તાના કેન્દ્ર બદલવાનું નિમિત્ત બની શકે છે. જે યુદ્ધ પાંચ દિવસમાં પૂરું થઇ જશે એવી અતાર્કિક ધારણા સાથે શરૂ થયું, એ જેમ જેમ લંબાઈ રહ્યું છે એમ એમ અમેરિકાની પોતાનાં અર્થતંત્ર પર ગંભીર અસર થઈ રહી છે. એટલે જ ડોનાલ્ડ ટ્રમ્પના પાયા વિહોણા નિવેદનો આવે છે. જેમ ૨૩ માર્ચે સોમવારે સવારે એમણે અચાનક જાહેર કર્યું કે પાંચ દિવસ યુદ્ધ અટકાવીશું કારણ કે યુદ્ધ પૂરું કરવા અંગે વાટાઘાટો કરવા ઈરાને એમનો સંપર્ક કર્યો છે! કદાચ એમને એવી આશા હોય કે એમના નિવેદનની બોન્ડ બજાર પર અસર થાય અને બોન્ડના ભાવ થોડા ઉંચકાય, પણ તરત જ ઈરાને ટ્રમ્પનાં દાવાને રદિયો આપતું નિવેદન આપ્યું કે આવી કોઈ વાતચીત ચાલી નથી રહી. પોતાની શરતો અંગે ચર્ચા કરવા અત્યારે તો ઈરાન મજબૂત છે અને સામે ડોનાલ્ડ ટ્રમ્પની હાલત 'માં મને કોઠીમાંથી બહાર કાઢ' જેવી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# પ્રજા લક્ષી ચૂંટણીઢંઢેરો .......... અમારે આ જોઈએ છે

**રાજ કાજ ગુજરાત**

**કાર્તિકેય ભટ્ટ**

> **ચૂંટણીમાં અહીં તો આપણી રોજીંદી ફરિયાદો માટે વોટ આપવાનો હોય નગરનો મતલબ જ છે નળ, ગટર અને રસ્તા. મતલબ કે પાયાની સુવિધાઓ**

દેશમાં પશ્ચિમ બંગાળ સહિત રાજ્યોમાં ચૂંટણી જાહેર થઈ છે. ગુજરાતમાં પણ આવનારા સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામવાનો છે. ખાસ તો મહાનગર પાલિકાઓની ચૂંટણી ઘણી જગ્યા એ બહુ પાખીયો જંગ થવાનો છે. રાજકીય પક્ષો દેશની રાજનીતિમાં હમેશા ધ્રુવીકરણ પર ભાર મૂકે છે. ધર્મ, જ્ઞાતિ, જાતિના સમીકરણો છેલ્લે તો નિર્ણાયક બને છે. ગુજરાત માટે ભાગે દ્વિ પક્ષીય રાજનીતિ માટે ટેવાયેલું છે એટલે કેજરીવાલ જેવું ફેક્ટર અહી ઊભું થતું નથી. બંને મોટાં પક્ષો ચૂંટણી માટે કમર કસી છે, પણ આપણે એ બધામાં નથી પડવું, આપણે વાત કરવી છે આપણી સામાન્ય પ્રજાની જરૂરિયાતોની. ચૂંટણીમાં અહીં તો આપણી રોજીંદી ફરિયાદો માટે વોટ આપવાનો હોય નગરનો મતલબ જ છે નળ, ગટર અને રસ્તા. મતલબ કે પાયાની સુવિધાઓ. આપણા શહેરની ગટર વ્યવસ્થા શું છે? રસ્તાની હાલત કેવી છે? પાણી આવે છે કે નહીં. સ્માર્ટ સીટીના વાયદામાં આ પાયાની જરૂરિયાતો ખોવાઈ ના જાય તે જોવું રહ્યું. ભારતના બંધારણ મુજબ સમવય વ્યવસ્થામાં સત્તાની ત્રણ સ્તરે વહેચણી થયેલી છે. કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ. બંધારણમાં આ ત્રણેય સત્તાઓ એ કરવાના કામ અને તે માટે ઉઘરાવવાના વેરા વહેચી આપવામાં આવ્યા છે. કાર્યક્ષમતાના નિયમ મુજબ જે સત્તા જે કામ સારી રીતે કરે તેને તે વહેચાવવામાં આવ્યું છે એટલે આપણા રોજીંદા જીવનની બધી જ જરૂરિયાતો સ્થાનિક સંસ્થાઓને આપવામાં આવી છે. રસ્તા, પાણી, ગટર, જાહેર રસ્તાની વીજળી અને પ્રાથમિક શિક્ષણ જેવી અત્યંત મહત્ત્વની જરૂરિયાતો. આ સ્થાનિક સંસ્થાઓ એ આપવાની છે ફરજ તરીકે આપણે પણ આ સમજવાનું છે કે આપણે વોટ આપીએ ત્યારે આ કામગીરી સારી રીતે જે કરે અથવા કરવાનું વચન આપે તેને આપણે વોટ આપવાનો છે. રાજકીય પક્ષો વચન આપવામાં પાછા પડતા નથી. બધા જ પક્ષો વિઝન ૨૦૧૫ રજૂ કરી રહ્યા છે, પણ ખરેખર તો આપણે પ્રજાએ આ પક્ષોને કહેવું જોઈએ કે ઊભા રહો તમે અમને વચન ના આપો. અમારે તમારો ચૂંટણી ઢંઢેરો નથી સંભાળવો. અમે કહીએ તે તમે સાંભળો.

આ ચૂંટણીમાં પછી એ મહારાષ્ટ્ર હોય, ઝારખંડ હોય, ભાવનગર હોય કે જામનગર, સુરત હોય કે અમદાવાદ બધાને સરખી રીતે લાગુ પડતી કેટલીક બાબતો અહીં રજૂ કરીએ છીએ કે પ્રજા તરીકે તમે આ બાબતોની માગણી કરો.

૧. સૌ પ્રથમ તો આપણો મત એને જ મળે જે પીવાનું ચોખ્ખું પાણી દિવસમાં એકવાર તો આપે જ!

૨. શહેરોનો બીજો મોટો પ્રશ્ન ટ્રાફિકનો છે. નવી સરકારો રસ્તા પહોળા કરે, નવા કરે અને અમદાવાદ કે સુરત જેવા શહેરોમાં બીઆરટીએસનો પુનર્વિચાર કરે એટલુ જ નહીં જે શહેરોમાં હજુ બીઆરટીએસ ચાલુ નથી થઈ ત્યાં આવી ભૂલ ના કરે. આપણે ત્યાં દિન-પ્રતિદિન વાહનો વધતા જાય છે, ગીચ રસ્તાઓમાં ઘરો તોડીને રસ્તા પહોળા કરવામાં આવ્યા ત્યારે આ બીઆરટીએસથી તે વધુ સંકડા થયા છે.

૩. આપણું પ્રાથમિક શિક્ષણ સાવ ખડે ગયું છે. ઉચ્ચ મધ્યમ વર્ગના બાળકો નગરપાલિકાની સ્કૂલમાં ભણવા જતા જ નથી. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ કરવા જેવું કામ હોય તો એ છે કે શિક્ષણ અને તે માટેની સ્કૂલો સુધારે!

૪. તમામ શહેરોમાં જાહેર રસ્તા પરના દબાણો વધી રહ્યા છે. એક સર્વગ્રાહી નીતિ દ્વારા રાજ્ય સરકારને સાથે રાખીને આ તમામ દબાણો દૂર કરે એવી સરકાર આપણે જોઈએ. આ કામ અઘરું છે કારણ અહીં દરેક પક્ષના લગતા વળગતા નેતાઓના જ જાહેર જમીનો પર દબાણો છે માટે જ તેમના વહીવટી તંત્ર પર દબાણો છે.

૫. હમણાંથી ખાનગીકરણ અને કોન્ટ્રકટ આપવાનો સૌને રોગ લાગ્યો છે. સફાઈના કોન્ટ્રકટ, વહીવટના કોન્ટ્રકટ. આપણે આ કોન્ટ્રકટ સિસ્ટમનો વિરોધ કરવાનો છે. બાગ-બગીચામાં ફીનો વિરોધ કરવાનો છે. એક બાજુ વેરા પણ ભરવાના અને બીજી બાજુ ફી પણ આપવાની તો આ સરકારો શું કરવાની?

દરેક પક્ષ પોતાનો વચન વેભાવ ભલે કરે આપણે સ્પષ્ટ રીતે આપણી માંગણીઓ મુકવી જોઈએ. હવે પ્રજાએ નેતાઓને કહેવાનું છે કે અઆરે આ બધું જોઈએ છે. જે શાસકો આ આપશે તેને અમે મત આપીશું! સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સ્થાનિક મુદ્દાઓ પર લદાય તે જરૂરી છે!

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## બીબાંઢાળ

પહેલાં છાપકામ માટે સીસાના અક્ષર (ટાઈપ) ગોઠવવા, કંપોઝ કરવામાં બીબાંનો ઉપયોગ થતો. છાપવાની આ રીતમાં કેટલીકવાર જોડણી સુધારા કરવા સમય જતો. કામગીરી પૂર્ણ થતાં ગોઠવેલા બીબાંને તેમના ખાનામાં પાછાં મૂકી દેવામાં આવતાં. છાપખાનામાં બીબાં, આકૃતિ ઢાળવાનું કામ મહેનત માંગી લેતી. પછી નવી શોધો શરૂ થઈ, ધીરે ધીરે વધતી ગઈ. દર નવી પળે નવી શોધથી પ્રગતિ થઈ. વર્ષો પહેલાં મનુષ્ય હતો, તેની સરખામણીમાં આજનો મનુષ્ય વિકસીને પ્રગતિશીલ બન્યો છે. સૌ જાણીએ છીએ કે, અન્ય પ્રાણીઓથી માનવી જુદો પડે છે, કારણકે તે વિચારશીલ છે. કહેવાનો મતલબ પરિવર્તનને સ્વીકારવામાં સમજદારી છે. જે જેવા છે તેવા રહેવાનો આગ્રહ બીબાંઢાળ કહેવાય. માનવીને વિચારવાની અદ્દભુત શક્તિ મળી છે તેનાથી અદ્દભુત પરિણામો મેળવી શકાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના જમાનામાં વિવેક અને યોગ્ય સમજશક્તિ કેળવી જીવનને જીવંતતાથી ભરી દઈએ. જડતા દૂર કરવામાં માનસિક બદલાવ આવકાર્ય છે.

**નવસારી- કિશોર આર. ટંડેલ**

## ભેખડે ભેરવાયેલું અમેરિકા

ઈરાન સાથેના યુદ્ધમાં અમેરિકા બરાબરનું ભેખડે ભેરવાયું હોય એમ અત્યારે તો લાગે છે. જગત જમાદાર ટ્રમ્પ ઈઝરાયલનો સાથ લઈ ઈરાનને ખોખરું કરવા નીકળેલા પણ ઈરાન ધારણા કરતા વધુ મજબૂત નીકળ્યું. અમેરિકાએ નાટો દેશોનો સાથ માંગ્યો પણ કોઈએ આ લડાઈમાં પડવાની ઈચ્છા દર્શાવી નહીં. યુદ્ધની શરૂઆતમાં જ ઈરાનના ટોપ ચાલીસ જેટલા લીડરોનો ખાત્મો બોલાવીને અમેરિકા અને ઈઝરાયલ રાજી થયું પણ ઈરાને બમણા જોશથી હુમલા ચાલુ રાખ્યા. હવે ટ્રમ્પની સ્થિતિ સાપે છછૂંદર ગળ્યા જેવી થઈ છે. અમેરિકાએ જે ખાડી દેશોને ઈરાનથી બચાવવા લશ્કરી થાણા સ્થાપેલા એના પર જ ઈરાને ઘાતક હુમલા કરી નુકસાન પહોંચાડી સ્પષ્ટ સંદેશ આપી દીધો છે. વધારામાં હોર્મઝ સ્ટ્રેટમાં ઓઈલ, ગેસ ટેન્કરોની ઘેરાબંધી કરીને વૈશ્વિક અર્થવ્યવસ્થાને ફટકો માર્યો છે. વિશ્વ આર્થિક મંદી તરફ આગળ ધપી રહ્યું છે, જે માટે ટ્રમ્પનું ગાંડપણ જવાબદાર છે. વેનેઝુએલા પર કબજો જમાવવામાં સફળ થયા બાદ ઈરાનને પાઠ ભણાવવા રઘવાયા થયેલ આ યુદ્ધખોર નેતા પોતાને વિશ્વ શાંતિ માટે નોબેલ પુરસ્કારના હકદાર ગણતા હતા એ કેવો વદતો વ્યાઘાત..!

**સુરત - સુનીલ શાહ**

## ધર્મના ઓથા હેઠળ પાખંડનો વ્યાપાર

ભારત આધ્યાત્મિકતાનો દેશ છે, જ્યાં કણ-કણમાં ઈશ્વર જોવાની પરંપરા છે. પરંતુ આ પરમ શ્રદ્ધા જ આજે પાખંડીઓ માટે કમાણીનું સાધન બની ગઈ છે. તાજેતરમાં બનેલી ઘટનાઓની વાત કરીઓ તો સુરતના એક યોગગુરુ નકલી નોટો સાથે ઝડપાયા અને મહારાષ્ટ્રના એક જાણીતા જ્યોતિષના અભદ્ર વિડિયો વાયરલ થયા છે. ભારતના ખુબ જાણીતા ધર્મનેતાઓ રેપના આરોપસર જેલની સજા કાપી રહ્યા છે. આવા પાખંડીઓ લોકોના મનોવિજ્ઞાન સાથે રમે છે. જ્યારે કોઈ વ્યક્તિ આર્થિક તંગી, બીમારી કે કૌટુંબિક કલેશથી ઘેરાયેલી હોય, ત્યારે તેને 'ચમત્કાર'ની જાળમાં ફસાવવામાં આવે છે. "એકના ડબલ કરી દેવાની" લાલચ કે "ગ્રહદશા સુધારવાના" બહાને લોકોના ખિસ્સા ખાલી કરવામાં આવે છે. આ બની બેઠેલા ગુરુઓ માત્ર પૈસા જ નથી પડાવતા, પણ આલીશાન આશ્રમો બનાવીને મિલકતો હડપ કરે છે. ક્યારેક ધર્મના નામે સ્ત્રીઓનું શારીરિક શોષણ પણ થાય છે. કરુણતા તો એ છે કે, જે સામાજિક કાર્યકરો આ અંધશ્રદ્ધા સામે અવાજ ઉઠાવે છે, તેમનો અવાજ કાયમ માટે દબાવી દેવામાં આવે છે. સાચો ધર્મ ક્યારેય ડર બતાવીને લૂંટતો નથી. સાચો ધર્મ માનવતા, સેવા અને નીતિ શીખવે છે. ઈશ્વરમાં શ્રદ્ધા રાખવી એ વ્યક્તિગત બાબત છે, પણ કોઈ પાખંડીના પગમાં પોતાની બુદ્ધિ ગીરે મૂકવી એ અંધશ્રદ્ધા છે.જ્યાં સુધી સમાજ જાગૃત નહીં થાય અને પ્રશ્નો પૂછવાનું શરૂ નહીં કરે, ત્યાં સુધી આવા પાખંડીઓની દુકાનો ચાલતી રહેશે. આપણે સમજવું પડશે કે ઈશ્વર સન્માર્ગમાં છે, કોઈ ચમત્કારિક બાબાના આશીર્વાદમાં નહીં.

**પંચમહાલ - વિજયસિંહ સોલંકી**

## સમય વર્તે સાવધાન

આપણા સમાજમાં વ્યક્તિત્વ વિકાસના ભાગરૂપે નાનપણથી જ વિવિધ કહેવતોનો ઉપયોગ કરવાની પરંપરા રહી છે. આવી કહેવતો માત્ર ભાષાની શોભા વધારતી નથી, પરંતુ વ્યક્તિના ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે આપણને સંજોગોને અનુરૂપ કેવી રીતે પોતાને ઢાળવું અને યોગ્ય નિર્ણય લેવું તે શીખવે છે. જીવનમાં આ કહેવતોનું પાલન કરવામાં આવે તો સંજોગો સાથે તાલમેલ સાધવો સરળ બને છે. આજના સમયમાં, ખાસ કરીને યુદ્ધ જેવી પરિસ્થિતિઓને કારણે ગેસ, પેટ્રોલ અને ડિઝલ જેવી આવશ્યક વસ્તુઓની અછત ઊભી થવાની શક્યતા વધી રહી છે. આવી પરિસ્થિતિમાં "સમય વર્તે સાવધાન"કહેવતનો સાર ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.આ પડકારોને ઓછા કરવા માટે આપણે કેટલીક સરળ પરંતુ અસરકારક રીતો અપનાવી શકીએ:જેમકે વ્યક્તિગત વાહનોના ઉપયોગને મર્યાદિત કરીને પબ્લિક ટ્રાન્સપોર્ટ અથવા કારપૂલિંગનો ઉપયોગ કરવો. સોલાર કુકર અને સોલાર વોટર હીટર જેવા વિકલ્પોને પ્રોત્સાહન આપવું.ઈન્ડક્શન ચૂલા જેવા આધુનિક સાધનોનો ઉપયોગ વધારવો નજીકના અંતરે ચાલતા જવું અથવા સાયકલનો ઉપયોગ કરવો.શક્ય હોય ત્યાં સુધી વર્ક ફ્રોમ હોમ અપનાવવું.જ્યારે આપણે વર્લ્ડ કપ જેવી ઉજવણી માટે એકત્ર થઈ શકીએ છીએ, ત્યારે કટોકટીના સમયમાં જવાબદાર નાગરિક તરીકે થોડું યોગદાન આપવું આપણી ફરજ બને છે.આ રીતે, "સમય વર્તે સાવધાન"માત્ર એક કહેવત નથી, પરંતુ જીવન જીવવાની એક વ્યવહારુ દિશા દર્શાવે છે. યોગ્ય સમયે યોગ્ય પગલાં લેવાથી આપણે વ્યક્તિગત અને સામાજિક બંને સ્તરે સંકટોને સફળતાપૂર્વક પહોંચી વળી શકીએ છીએ.

**સુરત - સીમા પરીખ**

## ભાગદોડભરી જિંદગીમાં સંબંધો માટે સમય જરૂરી

આજના સમયમાં મોટા ભાગના લોકો પોતાની જિંદગીનો મોટો ભાગ પૈસા કમાવવામાં વ્યસ્ત રહે છે. સારું જીવન, સારી સુવિધાઓ અને સુરક્ષિત ભવિષ્ય માટે મહેનત કરવી ખોટી નથી, પરંતુ ઘણીવાર આ દોડમાં આપણે આપણા સૌથી કિંમતી સંબંધોને સમય આપવાનું ભૂલી જઈએ છીએ. દિવસભરની ભાગદોડ, કામનો દબાણ અને જવાબદારીઓ વચ્ચે આપણે ઘણીવાર એવું વિચારીએ છીએ કે હાલ કામ મહત્વનું છે, સંબંધો માટે સમય પછી કાઢી લેશું. પરંતુ સત્ય એ છે કે સમય ક્યારેય પાછો આવતો નથી. આજે જે ક્ષણો આપણા પાસે છે, એ જ આપણા જીવનની સૌથી મોટી સંપત્તિ છે. પૈસા જીવનને સુવિધાજનક બનાવી શકે છે, પરંતુ સંબંધોમાં મળતો લાગણીનો સહારો અને શાંતિ કોઈ પણ સંપત્તિથી ખરીદી શકાતી નથી. જીવનના મુશ્કેલ સમયમાં પણ આપણી સાથે ઉભા રહેતા લોકો એ જ હોય છે, જેમને આપણે સમય અને સન્માન આપ્યું હોય છે આ ભાગદોડભરી જિંદગીમાં ક્યારેક થોભીને વિચારવું જરૂરી છે કે આપણે આટલો સંઘર્ષ અંતે કોના માટે કરી રહ્યા છીએ. જો આપણા પોતાના જ લોકો આપણા સાથે થોડો સમય પસાર કરવા માટે તરસી જાય, તો આવી સફળતા અને કમાણીનો શું અર્થ રહે? એટલા માટે જરૂરી છે કે આપણે આપણા વ્યસ્ત જીવનમાંથી થોડો સમય પોતાના પ્રિયજનો માટે જરૂર કાઢીએ. કારણ કે જીવનની સાચી સંપત્તિ પૈસા નહીં, પરંતુ પોતાના લોકો સાથે પસાર કરેલી અનમોલ ક્ષણો છે

**- પવનકુમાર ડી વિશ્વકર્મા**